# એકમ-3 બજારની સમગ્રલક્ષી સમતુલા - પ્રશિષ્ટ ખ્યાલ

-: રૂપરેખા :-


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 સમગ્રલક્ષી સમતુલાનો અર્થ અને મહત્ત્વ

3.3 સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારો

3.4 કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ

3.5 જે.બી.સે(જીન બેપ્ટિસ્ટ સે)નો બજારનો નિયમ

3.5.1 જે.બી.સેના નિયમની મર્યાદાઓ

3.5.2. જે.બી.સેના નિયમનું ચડિયાતાપણું

3.6 સારાંશ

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 તમારી પ્રગતિ ચકાસો

(ક) વિસ્તૃત પ્રશ્નો

(ખ) ટૂંકનોંધ પ્રશ્નો

(ગ) હેતુલક્ષી વૈકલ્પિક પ્રશ્નો

– ઉપયોગી સંદર્ભ વાચન

– તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 3.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે –

- પ્રશષ્ટિ અર્થશાસ્ત્ર અને કેટલાક મહત્ત્વના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિશેના કાર્યની પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરશો.
- સમગ્રલક્ષી સમતુલાની પ્રાથમિક સમજ મેળવી શકાશે.
- સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા સમજી શકશો.
- કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ સમજશો.
- જે.બી.સેના નિયમની વિસ્તૃત સમજ કેળવાશે.

## 3.1 પ્રસ્તાવના :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ કેઈન્સ પહેલાના અર્થશાસ્ત્રના પરંપરાગત સિદ્ધાંતો પર આધારિત છે, કે જ્યાં લાંબેગાળે અર્થતંત્રના દરેક ક્ષેત્રે કુલ પુરવઠો અને કુલ માંગ સરખા હોય છે અને તેથી અર્થતંત્ર સમતુલામાં જ હોય છે. અર્થાત્ કુલ ચીજવસ્તુના પુરવઠા = કુલ ચીજવસ્તુની માંગ, કુલ બચત = કુલ મૂડીરોકાણ અને કુલ શ્રમના પુરવઠા = કુલ શ્રમની માંગ થતા જોવા મળે છે અને અર્થતંત્ર 'ફાવે તેમ વર્તો' - (Laissez-faire) એટલે કે મુક્ત બજારવ્યવસ્થા પર આધારિત હોય છે. આ અર્થશાસ્ત્ર એવું માને છે કે અર્થતંત્રમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેરોજગારી જેવા પ્રશ્નો હોતા નથી અને તે સરળતાથી ચાલ્યા કરે છે. અને જો ટૂંકાગાળે આવી કોઈ સમસ્યા સર્જાય તો અર્થતંત્રમાં બજારના પરિબળો દ્વારા સ્વયં થતા ફેરફારોથી લાંબાગાળે એનું સમાધાન થઈ જાય છે. અહીં આ વિચારધારામાં માનનારા અર્થશાસ્ત્રીઓને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કહે છે.

સૌ પ્રથમ માર્ક્સે, ડેવિડ રિકાર્ડો અને એની પૂર્વેના અર્થશાસ્ત્રીઓ માટે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી શબ્દનો ઉપયોગ કર્યો હતો. જ્યારે કેઈન્સે, ડેવિડ રિકાર્ડોના અનુયાયીઓ માટે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. સંકુચિત અર્થમાં કહીએ તો 18મી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરી 19મી સદીના પૂર્વાર્ધનો ગાળો અને વિસ્તૃત અર્થમાં 18મી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરી 1930 પહેલાનો ગાળો એ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સમય કહેવાય છે. આ સમયગાળાના મહત્ત્વના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં એડમ સ્મિથ, ડેવિડ રિકાર્ડો, પીગુ, જે. બી. સે., જે.એસ.મીલ, માર્શલ વગેરેનો સમાવેશ કરી શકાય. જેમના આર્થિક વિચારો કે પ્રદાનની ટૂંકમાં માહિતી નીચે મુજબ છે.

- એડમ સ્મિથ : મુક્ત હરીફાઈ અને મુક્ત વેપાર એ રાષ્ટ્રની આર્થિક વૃદ્ધિને વેગ આપવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેમના મતે જ્યારે વ્યક્તિ પોતાના સ્વહિતને ધ્યાનમાં રાખી મુક્ત રીતે આર્થિક પ્રવૃત્તિ કરે છે, ત્યારે વ્યક્તિ સાથે સમગ્ર સમાજને તેનો લાભ થાય છે.
- જે. એસ. મીલ : શરૂઆતમાં મુક્ત સાહસ, મુક્ત સ્પર્ધા અને વ્યક્તિગત પહેલના હિમાયતી હતા. જો કે પાછળથી તેઓ ઉત્પાદન એ શ્રમિકો દ્વારા સંચાલિત સહકારી સંસ્થાઓ દ્વારા ચલાવાય તેવી સમાજવાદી વ્યવસ્થામાં પણ માનતા થયા હતા. તેમણે વૈકલ્પિક ખર્ચ, કદ વિસ્તારના લાભ અને વેપારના તુલનાત્મક લાભના ખ્યાલને વિકસિત કરવામાં પણ ભૂમિકા ભજવી છે.
- ડેવિડ રિકાર્ડો : મુક્ત બજારવ્યવસ્થા પર આધારિત ભાડા, નફા અને વેતન અંગેના સિદ્ધાંતો આપ્યા છે. વળી, આંતરરાષ્ટ્રીય વેપાર સંદર્ભે તુલનાત્મક લાભનો સિદ્ધાંત પણ એમનું મહત્ત્વનું પ્રદાન છે.
- જે.બી.સે : અર્થતંત્રમાં હંમેશાં કુલ પુરવઠા બરાબર કુલ માંગ થઈ રહે છે એટલે કે પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે. જેથી અર્થતંત્રમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેકારી જેવા પ્રશ્નો હોતા નથી. અર્થતંત્ર લાંબેગાળે સમતુલામાં જ હોય છે.
- એ. સી. પીગુ : બધાને રોજગારી મળી રહે એ સંદર્ભમાં વેતનદર મુક્ત રીતે ફરેફાર થતાં રહે છે. આ સંજોગોમાં અર્થતંત્રમાં બેરોજગારી હશે તો વેતનકાપ દ્વારા શ્રમ સસ્તો થશે, જેથી શ્રમની માંગ વધશે અને પૂર્ણરોજગારી સ્થાપશે.

- માર્શલ : સમતુલાની પ્રક્રિયામાં તેમણે ટૂંકા અને લાંબાગાળાનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું અને દર્શાવ્યું કે બજારના પરિબળો એટલે કે માંગ - પુરવઠો કઈ રીતે વર્તે છે, તેના આધારે ટૂંકા અને લાંબાગાળે સમતુલાનો હેતુ પૂર્ણ થાય છે. તેમણે બજારમાં ઉત્પાદન, ખરીદી અને વેચાણને ધ્યાનમાં લઈ ગ્રાહક અને ઉત્પાદકની સમતુલા સીમાંત વિશ્લેષણ દ્વારા સમજાવી છે.

વધારાની જાણકારી

| અનુ. | અર્થશાસ્ત્રી | પુસ્તક |
|---|---|---|
| 1. | એડમ સ્મિથ (1723-1790) | An inquiry into The Nature and Causes of the Wealth of Nations (રાષ્ટ્રોની સંપત્તિના સ્વરૂપ અને કાર્યક્ષેત્રની તપાસ) |
| 2. | જે.બી.સે. (1767-1832) | A Treaties on political Economy (રાજકીય અર્થતંત્ર અંગેનો ગ્રંથ) |
| 3. | ડેવિડ રિકાર્ડો (1772-1823) | The Principles of Political Economy and Taxation (રાજકીય અર્થતંત્ર અને કરવેરાના સિદ્ધાંતો) |
| 4. | માર્શલ (1842-1924) | Principles of Economics (અર્થશાસ્ત્રના સિદ્ધાંતો) |
| 5. | જે.એસ.મીલ (1806-1873) | The Principles of Political Economy (રાજકીય અર્થતંત્રના સિદ્ધાંતો) |
| 6. | પીગુ(1877-1959) | The Economics of Welfare (કલ્યાણનું અર્થશાસ્ત્ર) |

## 3.2 સમગ્રલક્ષી સમતુલાનો અર્થ અને મહત્ત્વ

અર્થશાસ્ત્રમાં સમતુલા એ એવી સ્થિતિ દર્શાવે છે કે જે પ્રાપ્ત કર્યા પછી આર્થિક ઘટક કે એકમ એમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા ઈચ્છતો નથી. અર્થશાસ્ત્રમાં સમતુલાના ખ્યાલની ચર્ચા આંશિક (એકમલક્ષી) અને સમગ્રલક્ષી સમતુલા, ગતિશીલા અને સ્થિર સમતુલા, ટૂંકા અને લાંબાગાળાની સમતુલા વગેરે સંદર્ભે થાય છે. આ અનુસંધાને આપણે સમગ્રલક્ષી સમતુલા કે સામાન્ય સમતુલાનો પરિચય મેળવીશું.

અર્થ : અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે અને દરેક ક્ષેત્રે સંતુલિત કિંમત નિર્ધારિત થાય તેવી સ્થિતિને સમગ્રલક્ષી સમતુલા કહે છે.

સમગ્રલક્ષી સમતુલા સંદર્ભે વોલરાસ, કેઈન્સ વગેરે જેવા અર્થશાસ્ત્રીઓએ પોતાના વિચારો રજૂ કરેલા છે. આ સ્થિતિમાં અર્થતંત્રમાં ઇષ્ટતમ ઉત્પાદન, ઇષ્ટતમ વપરાશ, સાધનોની ઇષ્ટતમ વહેંચણી અને સાધનોને ઇષ્ટતમ વળતર મળે તેવી સ્થિતિ પ્રવર્તતી હોય છે. અહીં અર્થતંત્રનું વલણ આ સંતુલનને જાળવી રાખવાનું હોય છે. સમગ્રલક્ષી સમતુલાનું મહત્ત્વ નીચેના મુદ્દાઓને આધારે આપી શકાય.

મહત્ત્વ :

1. અર્થતંત્રની કામગીરી સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાના અભ્યાસને

આધારે અર્થતંત્ર કાર્યક્ષમ રીતે કાર્ય કરી રહ્યું છે કે પછી ક્યાંય એમાં વિસંગતતા કે મુશ્કેલી છે તે જાણી શકાય છે. વળી, આ વિશ્લેષણને આધારે અસમતુલા કેમ સર્જાય છે અને તે કેવી રીતે દૂર થઈ ફરીવાર સમતુલા સ્થપાય છે તેની સમજ પણ સ્પષ્ટ થાય છે.

સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ એ ઉત્પાદન, વપરાશ અને સાધનો વચ્ચેના સંબંધોને સમજવામાં સરળ રહે છે. જે જે-તે ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને આર્થિક નિર્ણયો લેવામાં ઉપયોગી છે.

2. બજારની જટિલ સમસ્યાઓ સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ વિવિધ બજારો વચ્ચેના આંતરસંબંધોને સમજવામાં ઉપયોગી થાય છે. જેના આધારે બજારમાં કોઈ એક ફેરફાર થવાથી તેની સમગ્ર બજાર અને સમતુલા પર શું અસર પડશે તેની આગાહી કરવામાં મદદરૂપ થવાય છે. દા.ત. તરીકે વપરાશી વસ્તુઓની માંગનો વધારો એ વપરાશી વસ્તુની કિંમત, મૂડીગત વસ્તુઓની માંગ અને તેની કિંમત, શ્રમિકોની માંગ, વેતનદર, રાષ્ટ્રીય આવક વગેરે પર શું અસર કરશે તેની આગાહી કરવામાં સમગ્રલક્ષી સમતુલાનું વિશ્લેષણ મદદરૂપ થાય છે.

3. ભાવ પ્રક્રિયાની અર્થતંત્ર પરની અસરો સમજવામાં ઉપયોગી : સમગ્રલક્ષી સમતુલાનો અભ્યાસ અર્થત્રમાં ભાવતંત્રની કામગીરી સમજવામાં ઉપયોગી છે. અહીં આપેક્ષ ભાવોમાં થતા ફેરફારોથી શું ઉત્પાદન કરવું ? કેટલું ઉત્પાદન કરવું ? અને ઉત્પાદન કોણ ખરીદશે તે સમજવામાં મદદ મળે છે. વિશેષમાં આ અભ્યાસ વ્યક્તિગત નિર્ણયો સંકલિત સ્વરૂપે ભાવ પર કેવી અસર કરશે તે સમજવામાં પણ ઉપયોગી છે.

4. સમગ્રલક્ષી સમતુલાનો અભ્યાસ અર્થતંત્રમાં આર્થિક કાર્યક્ષમતાના માપદંડો પૂરા પાડે છે : તે અર્થતંત્રમાં ઇષ્ટતમ ઉત્પાદન, ઇષ્ટતમ વપરાશ, ઇષ્ટતમ વહેંચણીના માપદંડો પૂરા પાડે છે. તે જણાવે છે કે ક્ષેત્રમાં કુલ પુરવઠા = કુલ માંગ થશે તે અર્થતંત્રની શ્રેષ્ઠ સ્થિતિ છે. આ માપદંડોને આધારે અર્થતંત્રની કાર્યક્ષમતા જાણવામાં મદદ મળે છે.

5. આર્થિક કલ્યાણની ઇષ્ટતમ સ્થિતિ જાણવામાં મદદરૂપ : સમગ્રલક્ષી સમતુલા દ્વારા વપરાશ ક્ષેત્રે ઇષ્ટતમ સ્થિતિ ક્યાં આવે છે તે જાણી ગ્રાહકોની મહત્તમ સંતોષ કે મહત્તમ કલ્યાણની સ્થિતિ ક્યાં પ્રાપ્ત થશે તે જાણી શકાય છે. તે રીતે ઇષ્ટતમ ઉત્પાદનની સ્થિતિ એ ઉત્પાદનના સાધનોનો બગાડ થતો નથી તે દર્શાવે છે, જે પણ લાંબાગાળાના લોકકલ્યાણ માટે મહત્ત્વની બાબત છે.

6. સાધન-ઉત્પાદન (ઈનપુટ - આઉટપુટ) : વિશ્લેષણ કરવામાં મદદરૂપ થાય છે. બીજા અર્થમાં અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વચ્ચેના આંતરસંબંધોનું વિશ્લેષણ કરી એની સમજ મેળવવામાં મદદરૂપ બને છે.

## 3.3 સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા

અર્થશાસ્ત્રમાં સમગ્રલક્ષી સમતુલા અંગે વોલરાસ, કેઈન્સ અને અન્ય નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ પોતાના વિચારો રજૂ કરેલા છે. જેમાં વોલરાસ મુખ્ય છે અને પ્રશિષ્ટ વિચારધારાનું પ્રતિનિધિત્વ કરે છે. આ અનુસંધાને આપણે સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારાનો પરિચય મેળવીશું. આ વિચારધારા મુજબ લાંબેગાળે અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થતા દરેક ક્ષેત્રે સમતુલિત સામાન્ય ભાવ સપાટી પ્રવર્તતી

હોય છે. જેને સમગ્રલક્ષી સમતુલા કહે છે. અહીં પૂર્ણ રોજગારી સ્થાપવા માટે રાજ્ય હસ્તક્ષેપની જરૂર હોતી નથી.

સમતુલાની આ સ્થિતિમાં અર્થતંત્રમાં ઇષ્ટતમ ઉત્પાદન, ઇષ્ટતમ વપરાશ, સાધનોની ઇષ્ટતમ વહેંચણી અને સાધનોને ઇષ્ટતમ વળતર મળે તેવી સ્થિતિ પ્રવર્તતી હોય છે. અહીં અર્થતંત્રનું વલણ આ સંતુલનને જાળવી રાખવાનું હોય છે. આ સ્થિતિમાં ચીજવસ્તુઓના કુલ પુરવઠા = ચીજવસ્તુઓની કુલ માંગ થતા સમતોલ ભાવ સપાટી, કુલ મૂડીરોકાણના પુરવઠા (બચત) = કુલ મૂડીરોકાણની માંગ થતા સમતોલ વ્યાજદર અને શ્રમના કુલ પુરવઠા = કુલ માંગ થતાં સમતોલ વેતનદર પ્રવર્તમાન હોય છે. અર્થાત્, અર્થતંત્રના દરેકે - દરેકે ક્ષેત્રમાં સમતુલા પ્રવર્તે છે. બીજા અર્થમાં ઉત્પાદન, વપરાશ, વહેંચણી વગેરે ક્ષેત્રે સમતુલા પ્રવર્તે છે. અહીં આ સ્થિતિમાં અતિઉત્પાદન, માંગનો અભાવ કે બરોજગારી હોતી નથી. દરેક ક્ષેત્રે કુલ પુરવઠા = કુલ માગ થવાનું વલણ હોય છે અને લાંબેગાળે કુલ પુરવઠા = કુલ માંગ થતા સમતુલિત ભાવ સપાટી નિર્ધારિત થાય છે.

આ ખ્યાલ મુજબ અર્થતંત્રના કોઈ એક ક્ષેત્ર કે વિભાગમાં ટૂંકેગાળે અસમતુલા હોય તો પણ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વચ્ચેના આંતરસંબંધોને લીધે લાંબેગાળે અર્થતંત્રના બધા ક્ષેત્રોમાં સમતુલા સ્થપાય છે. એક અર્થમાં અર્થતંત્રનું વલણ સમગ્રલક્ષી સમતુલાનું હોય છે અને તેમાં સ્વયં આંતરિક પ્રક્રિયાથી સમતુલા આવે તેવા ફેરફારો થતા રહે છે.

સમગ્રલક્ષી સમતુલાનો આ ખ્યાલ નીચેની કેટલીક ધારણાઓને આધારે સમજાવાયો છે :

1. અર્થતંત્ર મુક્ત અને મૂડીવાદી છે.
2. અર્થતંત્રમાં ટૂંકેગાળે કોઈ મોટા આર્થિક ફેરફારો થતા નથી.
3. સાધનો સંપૂર્ણ ગતિશીલ છે.
4. ટેક્નોલૉજીમાં પરિવર્તિન થતું નથી.
5. વેતનદર અને વ્યાજદર પરિવર્તનશીલ છે જે અનુક્રમે શ્રમ અને મૂડીબજારમાં સમતુલા સ્થાપે છે.

## 3.4 કુલ માંગ અને કુલ પુરવઠાનો ખ્યાલ

કુલ માંગ કુલ પુરવઠાના ખ્યાલો એ સમગ્રલક્ષી સમતુલાના સંદર્ભમાં ખૂબ મહત્ત્વના છે. આ ખ્યાલો એ અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક, રોજગારી અને સામાન્ય ભાવ સપાટી તથા આર્થિક સ્થિરતા સંદર્ભિત સ્થિતિને સમજવા ખૂબ જ મહત્ત્વના છે. અહીં કુલ માગ અને કુલ પુરવઠામાં થતા ફેરફારો એ રાષ્ટ્રીય આવક (કુલ ઉત્પાદન) અને રોજગારીને પ્રભાવિત કરી રાષ્ટ્રના આર્થિક વિકાસને અસર કરે છે. અહીં કુલ માંગ અને કુલ પુરવઠા સંદર્ભે પ્રશિષ્ટ અને કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીઓએ વિવિધ દષ્ટિકોણથી વેચારો કરેલા છે. આ સંદર્ભમાં કુલ માંગ અને કુલ પુરવઠાનો અર્થ અને તે અંગેના વિવિધ દષ્ટિકોણને સમજવા જરૂરી છે.

ઉપરોક્ત ચર્ચાના અનુસંધાને કુલ માંગ અને કુલ પુરવઠાની સમજૂતી નીચે પ્રમાણે મેળવી શકાય :

કુલ માંગ :

(1) રાષ્ટ્રીય આવકની વિવિધ સપાટીએ કુટુંબો અને ધંધાકીય પેઢીઓ થકી ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ કરવામાં આવતું ખર્ચ એટલે કુલ માંગ.

(2) અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ એટલે કુલ માંગ.

(3) અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ થયેલું કુલ ખર્ચ એટલે કુલ માંગ.

(4) ચોક્કસ સમયગાળામાં રાષ્ટ્રની કુલ ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ એટલે કુલ માંગ

પ્રશિષ્ટ અભિગમ મુજબ કુલ માંગના બે વિભાગ પડે છે : (1) વપરાશી વસ્તુઓની માંગ અને (2) મૂડી વસ્તુઓની માંગ. બીજા અર્થમાં કુટુંબો અને પેઢીઓ દ્વારા ક્રમશઃ વપરાશ અને મૂડીરોકાણ પાછળ કરવામાં આવતું ખર્ચ એ કુલ માંગ છે. જેને સૂત્રમાં દર્શાવીએ તો કુલ માંગ = વપરાશી વસ્તુની માંગ + મૂડીવસ્તુની માંગ

AD = C + 1 જ્યાં AD એટલે Aggregate Demand-કુલ માંગ, 'C' એટલે વપરાશી વસ્તુની માંગ તથા 'I' એટલે મૂડીવસ્તુની માંગ

બીજી રીતે કહીએ તો કુલ માંગ એટલે કુલ ઉત્પાદનમાંથી ઉત્પાદકો દ્વારા સ્વવપરાશ માટે થતી માંગ + અન્ય લોકો દ્વારા થતી માંગનો સમાવેશ થાય છે.

પ્રશિષ્ટ અભિગમ મુજબ બજારમાં સ્વયંસર્જિત રીતે થતા ફેરફારોથી કુલ પુરવઠા બરાબર કુલ માંગ થઈ રહે છે અને આ સ્થિતિમાં પૂર્ણરોજગારી હોય છે. આથી અર્થતંત્રમાં રાજ્ય હસ્તક્ષેપની આવશ્યકતા હોતી નથી.

કેઈન્સની વિચારધારા મુજબ કુલ માંગમાં વપરાશી વસ્તુની માંગ, મૂડીગત વસ્તુની માંગ તેમજ સરકાર દ્વારા થતાં ખર્ચ અને આયાત-નિકાસના તફાવતનો સમાવેશ થાય છે. બીજા અર્થમાં કુલ માંગ કે કુલ ખર્ચના ચાર ઘટકો છે : (1) વપરાશી, (2) મૂડીરોકાણ ખર્ચ, (3) સરકારી ખર્ચ અને (4) આયાત-નિકાસનો તફાવત.

જેને સૂત્રમાં –

AD = C + 1 + G + (X-M) તરીકે દર્શાવાય છે.

જ્યાં AD=કુલ માંગ, C = વપરાશ ખર્ચ,

1 = મૂડીરોકાણ ખર્ચ, G = સરકારી ખર્ચ,

(X – M) = નિકાસ આવક – આયાત ખર્ચનો સમાવેશ થાય છે.

કેઈન્સ કુલ માંગને અસરકારક માંગ પણ કહે છે. આ અસરકારક માંગમાં થતો ફેરફાર એ ઉત્પાદન એ રોજગારીને પ્રભાવિત કરે છે. તેમના મતે રાજકોષીયનીતિ થકી કુલ માંગને પ્રભાવિત કરી શકાય છે.

**કુલ પુરવઠો :**

1. રાષ્ટ્રના ઉત્પાદકોએ ચોક્કસ સમયગાળા દરમ્યાન ઉત્પન્ન કરેલ ચીજવસ્તુઓ અને સેવાઓનો જથ્થો એટલે કુલ પુરવઠો.
2. ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલી કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એલે કુલ પુરવઠો.
3. ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થેયલ ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય એટલે કુલ પુરવઠો.
4. ચોક્કસ સમયગાળામાં, ચોક્કસ કિંમતે અને ચોક્કસ પ્રદેશમાં ઉત્પન્ન થયેલ કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એટલે કુલ પુરવઠો.

કુલ પુરવઠામાં બે બાબતોનો સમાવેશ થાય છે : (1) વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ વપરાશની ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ. (2) વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ મૂડીગત વસ્તુઓનું પ્રમાણ.

અહીં કુલ પુરવઠો એટલે કે ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એ બીજા અર્થમાં રાષ્ટ્રીય ઉત્પાદન કે રાષ્ટ્રીય આવક છે. આ કુલ આવકના બે ભાગ પડે છે એક વપરાશમાં જાય છે અને બીજો બચતમાં જાય છે. આથી Y = C + S થશે. Y = આવક, C = આવક અને S = બચત છે.

આમ, Y = C + S એજ કુલ પુરવઠો છે. માટે AS (કુલ પુરવઠો) = C + S પણ કહી શકાય.

અર્થતંત્રમાં કુલ પુરવઠો એ જમીન, મૂડી અને શ્રમના પ્રમાણ તથા તેમની ગુણવત્તા, ટેકનોલૉજીકલ ક્ષમતા, કાચામાલની ઉપલબ્ધિ વગેરેથી પ્રભાવિત થાય છે કે ફેરફાર પામે છે. અહીં કુલ પુરવઠાને નિર્ધારિત કરતા પરિબળો એ રાષ્ટ્રીય આવક અને રોજગારીને નિર્ધારીત કરે છે. ટૂંકેગાળે કુલ માંગમાં ફેરફાર થતાં કુલ પુરવઠો ફેરફાર પામી શકે છે; જ્યારે લાંબેગાળે ટેકનોલોજીકલ ફેરફાર થતો હોય છે.

પ્રશિષ્ટ અભિગમ મુજબ...

- રાષ્ટ્રીય આવક અને રોજગારી નિર્ધારણમાં કુલ પુરવઠો ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- કુલ પુરવઠા = કુલ માંગ થાય ત્યાં પૂર્ણરોજગારીની સપાટીએ રાષ્ટ્રીય આવકનું નિર્ધારણ થાય છે.
- સામાન્ય ભાવ સપાટીમાં ફેરફાર થતાં કુલ પુરવઠામાં ફેરફાર થતો નથી.

કેઈન્સના અભિગમ મુજબ...

- કુલ પુરવઠો અને કુલ માગ સરખા થાય ત્યાં અપૂર્ણ રોજગારી સાથે સમતુલા હોઈ શકે છે. આ સંજોગોમાં જો પૂર્ણરોજગારી સાથે સમતુલા સ્થાપવી હોય તો રાજ્યે કેટલુંક ખર્ચ કરવું જરૂરી છે.
- રાષ્ટ્રીય આવક અને રોજગારી નિર્ધારણ સંદર્ભે કુલ પુરવઠા કરતા કુલ માંગનું મહત્ત્વ વધુ છે.
- આધુનિક અભિગમ મુજબ સામાન્ય ભાવ સપાટીમાં ફેરફાર થતા કુલ પુરવઠામાં ફેરફાર થાય છે.

અંતમાં કહીએ તો કુલ પુરવઠો અને કુલ માંગ અર્થતંત્રમાં ખૂબ મહત્ત્વના છે. તે જ્યાં સરખા થાય ત્યાં સમતુલાનું વાસ્તવિક રાષ્ટ્રીય ઉત્પાદન અને રોજગારીની સપાટી નિર્ધારિત થાય છે.

## 3.5 જે.બી.સે. (Jean Baptiste Say)નો બજારનો નિયમ :

અર્થશાસ્ત્રમાં બજારની સમજૂતી આપતા વિવિધ સિદ્ધાંતો વિકસ્યા છે. જેમાં સૌથી મહત્ત્વનો સિદ્ધાંત એ 'સે'નો બજારનો નિયમ છે. 19મી સદીના ફ્રાન્સના જાણીતા અર્થશાસ્ત્રી જે.બી.સે. એ તેમના પુસ્તક 'Treatise on Political Economy'માં બજાર અંગેનો નિયમ આપ્યો છે. જે 'સે'ના બજારના નિયમ તરીકે ઓળખાય છે. આ નિયમ એ પ્રશિષ્ટ આર્થિક વિચારસરણીનું હાર્દ ગણાય છે.

નિયમની રજૂઆત : 'પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે.' (Supply creats its own demand).

'સે' માનતા કે અર્થતંત્રમાં અતિઉત્પાદન અને તેથી ઉદ્ભવતી બેકારી એ તાર્કિક અશક્યતાઓ છે. તેઓએ અતિઉત્પાદન અને બેકારીને સામાન્ય ઘટના તરીકે ઓળખાવતા લેખકો, ઉત્પાદકો અને વેપારીઓના ખ્યાલને નકારી કાઢ્યો અને ભારપૂર્વક જણાવ્યું કે પુરવઠો હંમેશાં પોતાની માંગ સ્વયં પેદા કરે છે.

ધારણાઓ :

(1) મુક્ત અર્થતંત્ર : અર્થતંત્ર મુક્ત અને મૂડીવાદી છે, જ્યાં લોકો, કંપનીઓ, સંસ્થાઓ વગેરે સ્વતંત્રપણે ખરીદી, વેચાણ, ઉત્પાદન વગેરે સંદર્ભિત આર્થિક નિર્ણયો લઈ શકે છે. સરકાર એમાં કોઈ હસ્તક્ષેપ કરતી નથી.

(2) નાણું વિનિમયનું માધ્યમ : નાણું માત્ર વિનિમયનું માધ્યમ છે. અર્થાત, લોકો નાણાનો સંગ્રહ કરતા નથી. તેઓ પોતાની બધી જ આવક ખર્ચી દે છે. અહીં નાણાના મૂલ્યના સંગ્રહક, મૂલ્યના માપદંડ અને વિલંબિત ચૂકવણીના સાધન તરીકેના કાર્યને ધ્યાન પર લેવામાં આવતું નથી.

(3) વ્યાજદર બચત અને મૂડીરોકાણ દ્વારા નિર્ધારિત થાય છે : વ્યાજ એ વાસ્તવિક પરિબળો સાથે સંકળાયેલું છે. અર્થાત્, વ્યાજદર એ બચત અને મૂડીરોકાણ દ્વારા નિર્ધારિત થાય છે. આ વ્યાજદરના ફેરફાર દ્વારા જ બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા સ્થપાય છે.

(4) પૂર્ણ હરીફાઈ : વસ્તુબજાર અને સાધનબજારમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તે છે. અર્થાત; જેમ વસ્તુ ખરીદનાર અને વેચાનાર અનેક છે અને સમાનગુણી વસ્તુના ભાવ એક સમાન છે. તેજ રીતે સાધન ખરીદનાર અને વેચનાર પણ અનેક છે તથા તેના ભાવો પણ એકસમાન છે.

(5) સંપૂર્ણ માહિતી : અર્થતંત્રની દરેક એકમ એટલે કે ગ્રાહક, વેપારી, ઉત્પાદક તથા સાધન માલિકો વસ્તુ અને સાધનબજાર અંગેની સંપૂર્ણ માહિતી ધરાવે છે.

(6) પૂર્ણરોજગારી : અર્થતંત્રમાં જે કામ કરવા ઇચ્છે છે એને એની લાયકાત (સીમાંત ઉત્પાદકતા) અનુસાર કામ પ્રાપ્ત થઈ રહે છે.

(7) આ સિદ્ધાંત લાંબાગાળાની સમજૂતી આપે છે.

સમજૂતી :

'સે'નો બજારનો નિયમ એટલે કે પુરવઠો સ્વયં એની માંગ સર્જે છે'. અર્થાત્ હંમેશાં પુરવઠા બરાબર માંગ હોય છે. એનો તર્ક એ છે કે ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા ઉત્પાદનના સાધનો શ્રમ, મૂડી, જમીન અને નિયોજકને આ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાવવા બદલ વેતન, વ્યાજ, ભાડું અને નફા સ્વરૂપે વળતર કે આવક મળે છે. જેમાંથી સર્જાતી માંગ એ ઉત્પાદનના કુલ પુરવઠા બરાબર હોય છે. એ જ રીતે કુલ ઉત્પાદન વધતા ઉત્પાદન પ્રક્રિયામાં વધુ માત્રામાં સાધનો જોડાય છે. આથી સાધનોને અગાઉ કરતા વધુ માત્રામાં આવક મળતા તે વધુ માંગ કરે છે. આથી પુરવઠા બરાબર માંગ થયેલી જણાય છે. આ જ પ્રમાણે ઉત્પાદન ઘટતા ઉત્પાદનના સાધનોને મળતું વળતર ઘટે છે. આથી તેમના દ્વારા સર્જાતી માંગ પણ ઘટે છે જે ઉત્પાદન ઘટવાથી ઘટેલા પુરવઠા બરાબર હોય છે. ટૂંકમાં, ઉત્પાદન પ્રક્રિયાથી ઉત્પાદન - પુરવઠો સર્જાય છે, તેની માંગ આજ ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનના

સાધનોને મળેલી આવક થકી સર્જાય છે. આથી કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે. અહીં બજારનો આ નિયમ અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. વિશેષમાં આ નિયમ મૂળભૂત રીતે વસ્તુ વિનિમયવાળા અર્થતંત્રના સંદર્ભમાં રચાયો હોવા છતાં નાણાકીય અર્થતંત્રમાં પણ એટલો જ સાચો છે.

(A) વસ્તુ વિનિમય પદ્ધતિવાળી અર્થવ્યવસ્થા અને 'સે'નો નિયમ :

વસ્તુના બદલામાં વસ્તુનો વિનિમય થતો હોય તેવી વ્યવસ્થા એટલે વસ્તુ વિનિમય પદ્ધતિ કે સાટા પદ્ધતિ. આ પ્રકારના અર્થતંત્રમાં 'સે'ના નિયમ મુજબ કુલ પુરવઠો = કુલ માંગ થાય છે.

આ નિયમ મુજબ અર્થતંત્રમાં ચીજવસ્તુઓનો જેટલો પુરવઠો વધે તેટલા જ પ્રમાણમાં નવી માંગ સર્જાય છે. આનું કારણ એ છે કે જ્યારે કોઈપણ ઉત્પાદક કોઈ વસ્તુનું ઉત્પાદન કરે ત્યારે તે પોતે ઉત્પન્ન કરેલી ચીજવસ્તુઓમાંથી કેટલીક સ્વવપરાશ (ઘરવપરાશ વગેરે) માટે રાખે છે અને બાકીની જેને જરૂર છે તેમને આપીને બદલામાં પોતાના માટે અન્ય જરૂરી ચીજવસ્તુઓ મેળવે છે. આમ પેદા કરેલી ચીજવસ્તુઓની બે રીતે માંગ સર્જાય છે. જે તેના પુરવઠા બરાબર હોય છે. તે બાબતને ઉદાહરણ દ્વારા પણ સમજાવી શકાય. દા.ત. કોઈ દેશમાં ખેડૂતોએ 100 લાખ ટન અનાજનું ઉત્પાદન કર્યું હોય તો એમાંનું 20 લાખ ટન અનાજ ખેડૂતો સ્વવપરાશ (ઘરવપરાશ અને બિયારણ) માટે રાખશે તથા બાકીનું 80 લાખ ટન અનાજ તેમની અન્ય જરૂરિયાતો જેવી કે કરિયાણું, ખેતીના ઓજારો, કેટલીક સેવાઓ વગેરેના બદલામાં કોઈને આપશે. આ સંજોગોમાં અનાજનો પુરવઠો 100 લાખ ટન થશે અને અનાજની માંગ પણ 20 લાખ ટન + 80 લાખ ટન = 100 લાખ ટન થશે. આ રીતે બજારમાં ચીજવસ્તુઓનો પુરવઠો અને તેની માગ હંમેશા સરખા હોય છે. માટે અર્થતંત્રમાં વધારે પડતા ઉત્પાદન કે માંગના અભાવને લીધે જોવા મળતી બેકારી હશે નહીં.

જે.બી.સેના આ સિદ્ધાંતને આધારે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી દર્શાવે છે કે અર્થતંત્રમાં હંમેશાં કુલ પુરવઠો = કુલ માંગ હોય છે.

(B) નાણાકીય અર્થવ્યવસ્થા અને 'સે'નો નિયમ :

'સે'નો નિયમ જેટલો વસ્તુ વિનિમયવાળા અર્થતંત્ર માટે સાચો છે તેટલો જ નાણાકીય અર્થતંત્ર માટે પણ સાચો છે કારણ કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રની માન્યતા મુજબ નાણું ફક્ત વિનિમયના માધ્યમ તરીકેની કામગીરી બજાવતું હોવાથી વસ્તુ વિનિમય પદ્ધતિવાળી અર્થવ્યવસ્થા અને નાણાકીય અર્થવ્યવસ્થા વચ્ચે પાયાનો કોઈ તફાવત ઊભો થતો નથી.

નાણાકીય અર્થવ્યવસ્થામાં જ્યારે વસ્તુઓનું ઉત્પાદન થાય છે ત્યારે તેને બજારમાં વેચતાં નાણું અથવા નાણાકીય આવક પ્રાપ્ત થાય છે. આ આવક વડે જરૂરી વસ્તુઓ ખરીદવામાં આવે છે. એટલે કે માંગ થાય છે. આથી જેટલો પુરવઠો પેદા થાય છે એટલી માંગ સર્જાય છે. પરિણામે અતિઉત્પાદનનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. દા.ત. ખેડૂતો 10 કરોડ રૂપિયાનું અનાજ ઉત્પાદન કરે છે જેમાંથી 3 કરોડ રૂપિયાનાં અનાજની માંગ ખેડૂતો સ્વવપરાશ (ઘરવપરાશ અને બિયારણ) માટે કરે છે અને બાકીનું 7 કરોડ રૂપિયાનું અનાજ બજારમાં અન્યને વેચી પ્રાપ્ત થયેલી નાણાકીય આવકના બદલામાં જરૂરી અન્ય ચીજવસ્તુઓ મેળવે છે. આમ 10 કરોડ રૂપિયાના અનાજના પુરવઠાની સાપેક્ષ રૂપિયા 3 કરોડની ઘરવપરાશ અને બિયારણ માટેની માંગ તેમજ 7 કરોડના અનાજની માંગ અન્ય લોકો થકી કરાતા કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે.

- હવે ધારો કે કોઈ કારણસર ટૂંકાગાળામાં માંગ કરતા ઉત્પાદન વધારે હોય તો લાંબેગાળે વસ્તુના ભાવ ઘટતાં તેની માંગ વધશે અને છેવટે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહેશે. આજ રીતે જો કેટલુંક નાણું બચાવવામાં આવે કે તેનો સંગ્રહ કરવામાં આવ તો પણ ભાવ ફેરફારક્ષમ હોવાથી વધારે ઉત્પાદનની સ્થિતિ નહીં સર્જાય. દા.ત. તરીકે જો લોકો પોતાની આવકનો 10મો ભાગ બચાવે તો દસમા ભાગનું ચલણ અર્થતંત્રમાંથી ઓછું થશે. આથી ભાવ 10 ટકા ઘટશે. પરંતુ, એથી અગાઉના ખરીદ - વેચાણ ઉપર કોઈ અસર થશે નહીં. એટલે કે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહેશે.

ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને પ્રાપ્ત થતી કુલ આવકમાંથી કેટલોક ભાગ બચત થાય તો પણ તે બચત = મૂડીરોકાણ થઈ ખર્ચાઈ જાય છે. અહીં પરિવર્તનશીલ વ્યાજદરના સંજોગોમાં 'સે'નો નિયમ મૂડીબજારમાં પણ લાગુ પડે છે. જો કોઈ કારણોસર કુલ બચતો (કુલ મૂડીરોકાણનો પુરવઠો) એ કુલ મૂડીરોકાણ (કુલ મૂડીરોકાણની માંગ) કરતાં વધી જાય તો વ્યાજદર ઘટશે, જેને લીધે મૂડીરોકાણની માંગ વધશે અને તે કુલ બચત બરાબર થઈ રહે છે. એટલે કે કુલ બચતો = કુલ મૂડીરોકાણ થઈ રહે છે. આથી વિપરીત કુલ બચતો એ કુલ મૂડીરોકાણની માંગ કરતા ઓછી હોય તો વ્યાજદર વધતા મૂડીરોકાણથી માંગ ઘટશે અને છેવટે કુલ બચતો (કુલ મૂડીરોકાણનો પુરવઠો) = કુલ મૂડીરોકાણ (કુલ મૂડીરોકાણની માંગ) થઈ જાય છે.

પ્રા.પીગુ (આર્થર સેસિલ પીગું)ના મતે 'સે'નો નિયમ એ શ્રમબજારમાં પણ લાગુ પડે છે અને ત્યાં પણ શ્રમના કુલ પુરવઠા = શ્રમની કુલ માંગ થઈ રહે છે. પીગુ જણાવે છે કે પરિવર્તનશીલ વેતનદરના સંદર્ભમાં ટૂંકેગાળે શ્રમનો કુલ પુરવઠો એ શ્રમની કુલ માંગ કરતા વધુ હોય તો વેતનદર ઘટશે, જે શ્રમની માંગ વધારશે અને છેવટે લાંબેગાળે શ્રમના કુલ પુરવઠા = શ્રમની કુલ માંગ થઈ રહેશે. એટલે કે લાંબેગાળે અર્થતંત્રમાં બેરોજગારી હશે નહીં ટૂંકમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં 'સે'ના નિયમ મુજબ અર્થતંત્રના દરેક ક્ષેત્રે લાંબેગાળે કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે અને અર્થતંત્ર સહજતાથી ચાલતું રહે છે.

### 3.5.1 જે.બી.સેના નિયમની મર્યાદાઓ

1. માંગનો અભાવ કે અતિઉત્પાદન શક્ય : આ સિદ્ધાંત એવું માને છે કે અર્થતંત્રમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે. આથી માંગનો અભાવ કે અતિઉત્પાદન એ અશક્ય બાબતો છે. આ સામે કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે અર્થતંત્રમાં જેટલી બચતો થાય છે તેટલો જ મૂડીરોકાણ ખર્ચ થતો નથી. કેટલીક બચતો એ નિષ્ક્રિય પડી રહે છે. આથી પુરવઠા કરતાં માંગ ઓછી હોઈ શકે છે - અતિઉત્પાદનની સ્થિતિ સર્જાઈ શકે છે. વળી, આધુનિક ટેક્નોલોજીને લીધે ઉત્પાદન ખૂબ વિશાળ પાયા પર થાય છે ત્યારે એ સંજોગોમાં પણ કેટલીકવાર માંગનો અભાવ કે અતિઉત્પાદન જોવા મળે છે. વર્તમાનમાં ઘણા દેશોમાં જોવા મળતી મંદી પણ આ જ હકીકત પુરવાર કરે છે.

2. નાણાના વિનિમય સિવાયના કાર્યની ઉપેક્ષા : 'જે.બી.સે' તેમની રજૂઆતમાં નાણાના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને જ ધ્યાનમાં લઈ તેને તટસ્થ ધાર્યું છે. વાસ્તવમાં, નાણું મૂલ્યના માપદંડ, વિલંબિત ચુકવણીના સાધન, મૂલ્યના સંગ્રાહક વગેરે જેવા કાર્યો પણ કરે છે. વળી, નાણામાં નાણાકીયનીતિ અંતર્ગત થતા ફેરફારો એ આર્થિક પ્રવૃત્તિને અસર કરે છે. અહીં આ હકીકતોને ધ્યાન પર લેવાઈ નથી.

3. અર્થતંત્રમાં પૂર્ણરોજગારી હોતી નથી : પરિવર્તનશીલ વેતનદરોની ધારણાને આધારે આ સિદ્ધાંતમાં એવું સાબિત કરવાનો પ્રયાસ થયો છે કે અર્થતંત્રમાં બેરોજગારી હશે તો વેતનદર ઘટશે જેથી શ્રમની માંગ વધશે અને પૂર્ણરોજગારી સ્થાપશે. હકીકતમાં સરકાર દ્વારા અમલમાં મુકાયેલા લઘુત્તમ વેતનના કાયદા, શ્રમ સંગઠનો વગેરેને લીધે વેતનદર વધે છે પણ ઘટતા નથી. આથી વેતનદર ઘટાડા દ્વારા રોજગારી વધારી પૂર્ણરોજગારી સ્થાપવી એ એક દિવાસ્વપ્ન બની રહે છે. વળી, દરેક અર્થતંત્રમાં માળખાકીય અને ટેક્નોલોજીકલ કારણોસર પણ કેટલીક બેરોજગારી રહેતી જ હોય છે.

4. વેપારચક્રને સમજાવવું મુશ્કેલ : આ સિદ્ધાંત મુજબ કુલ પુરવઠા = કુલ માંગ થઈ હોવાથી તેજી-મંદીની સ્થિતિ સર્જાતી નથી. અર્થાત; વેપારચક્ર જેવું કશું હોતું જ નથી. પરંતુઃ વાસ્તવમાં માંગના અભાવથી સર્જાતી મંદી અને અતિ માંગથી સર્જાતો ફુગાવો એ આજના અર્થતંત્રોની વાસ્તવિકતા છે. એટલે કે વેપારચક્રો એ હકીકત છે. જેને 'સે'ના સિદ્ધાંત દ્વારા સમજાવવા મુશ્કેલ છે.

5. આ સિદ્ધાંત મુક્ત અર્થતંત્ર એટલે કે અર્થતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ હોતો નથી અને આર્થિક એકમો સ્વતંત્રપણે આર્થિક નિર્ણયો લઈ શકે છે એવી ધારણા ઉપર રચાયો છે. વાસ્તવમાં વિશ્વના દરેકે દરેક દેશમાં રાષ્ટ્રહિત કે લોકકલ્યાણના સંદર્ભમાં વધતા-ઓછા અંશે રાજ્યનો હસ્તક્ષેપ હોય છે.

6. જે.બી.સે.એ પોતાની રજૂઆત વસ્તુબજાર અને સાધનબજારમાં પૂર્ણહરીફાઈ હોય છે એ ધારણાને આધારે કરી છે. વાસ્તવમાં, અર્થતંત્રમાં, અર્થતંત્રમાં મહદંશે અપૂર્ણ હરીફાઈ કે ઈજારાયુક્ત હરીફાઈની સ્થિતિ જોવા મળે છે. આ સંજોગોમાં પૂર્ણહરીફાઈના આદર્શ ખ્યાલને આધારે સમજાવેલો આ સિદ્ધાંત મર્યાદિત બની જાય છે.

7. આ સિદ્ધાંત અર્થતંત્રના ટૂંકાગાળાના ફેરફારોને સમજાવી શકતો નથી.

8. આર્થિક એકમો (ગ્રાહકો, વેપારીઓ, ઉત્પાદકો વગેરે) અર્થતંત્ર અંગેની સંપૂર્ણ માહિતી ધરાવે છે તે ધારણા પણ અવાસ્તવિક છે.

### 3.5.2 જે.બી.સેના નિયમનું ચડિયાતાપણું

1. આર્થિકવૃદ્ધિ એ સતત ચાલતી પ્રક્રિયા : આ સિદ્ધાંત મુજબ પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે. બીજા અર્થમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનમાં સાધનોને મળતું વળતર (આવક) જ માંગનું સર્જન કરે છે. જેથી ઉત્પાદન-પુરવઠો જેટલો વિસ્તરશે તેટલી માંગ થતી રહેશે અને આર્થિકવૃદ્ધિ એ સતત ચાલ્યા કરશે.

2. આશાવાદી આર્થિક વિચારધારા - સ્વયંસંચાલિત ધોરણે આર્થિક સમસ્યાઓનું સમાધાન : આ સિદ્ધાંત મુજબ ટૂંકેગાળે મંદી કે ફુગાવા જેવી આર્થિક સમસ્યાઓ હોઈ શકે છે પણ લાંબેગાળે અર્થતંત્રમાં કુલ પુરવઠા = કુલ માંગનું વલણ હોવાથી માંગનો અભાવ, બેરોજગારી કે વ્યાપારચક્ર જેવી કોઈ સમસ્યા હશે નહીં અને અર્થતંત્ર સરળતાથી ચાલ્યા કરશે. અહીં અર્થતંત્રનું વલણ સમસ્યાઓનું સ્વયંસંચાલિત ધોરણે સમાધાન કરી સમતુલા તરફનું હશે.

3. બેરોજગારી દૂર કરવાનું મોડલ : આ સિદ્ધાંત સૂચવે છે કે બેરોજગાર કે અર્ધબેરોજગારને ઘટાડેલા વેતનદરે પણ રોજગારી આપો. અહીં તેમને ઉત્પાદન પ્રક્રિયામાં જોડવાથી વેતનદર સ્વરૂપે આવક મળશે. જેનાથી ચીજવસ્તુઓની માંગ સર્જાશે અને અર્થતંત્રમાંથી બેકારી દૂર

થશે. બીજા અર્થમાં આ સિદ્ધાંત પરિવર્તનશીલ વેતનદર દ્વારા સ્વયંસંચાલિત ધોરણે બેકારી દૂર કરવાની નીતિ સૂચવે છે.

4. મુક્ત અર્થતંત્રની હિમાયત : 'સે'નો નિયમ મુક્ત અર્થતંત્રની હિમાયત કરી જણાવે છે કે દેશની લાંબાગાળાની આર્થિક પ્રગતિ માટે અર્થતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ ન હોય એ ઇચ્છનીય છે. વર્તમાનમાં વિવિધ દેશોએ અપનાવેલી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયા એ એક અર્થમાં મુક્ત અર્થતંત્ર તરફ જવાની પ્રક્રિયા જ છે. આ અર્થમાં આ સિદ્ધાંત એ અર્થતંત્રની પ્રગતિના સંદર્ભમાં વધુ વાસ્તવલક્ષી છે.

5. સાધનોના કાર્યક્ષમ ઉપયોગ સંદર્ભે માર્ગદર્શન : મૂડી અને શ્રમની કિંમતો એટલે કે વેતનદર અને વ્યાજદર પરિવર્તનશીલ છે તેવી ધારણાને કઈ રીતે સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેની નીતિ સૂચવે છે.

## 3.6 સારાંશ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ મુક્ત અર્થતંત્ર, પૂર્ણહરીફાઈ, પરિવર્તનશીલ સાધન કિંમતો અને પૂર્ણ માહિતીની ધારણાને આધારે સમજાવાયું છે. જેના હાર્દરૂપ, જે.બી. સેનો નિયમ છે. જે જણાવે છે કે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને કામમાં જોડવાથી તેમને જે વળતર કે આવક મળે છે તે જ ઉત્પન્ન થયેલી વસ્તુઓની માંગ સર્જે છે. આથી અર્થતંત્રમાં લાંબેગાળે હંમેશાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે છે અને અતિઉત્પાદન, માંગનો અભાવ કે બેરોજગારી જેવા પ્રશ્ન હોતા નથી. અહીં ટૂંકેગાળે આ પ્રકારના પ્રશ્નો હોય તો પણ અર્થતંત્રની સ્વયંસંચાલિત પ્રક્રિયાથી તે લાંબેગાળે આપોઆપ દૂર થાય છે અને અર્થતંત્રના દરેક ક્ષેત્રે સમતુલાની સ્થિતિ હોય છે.

## 3.7 ચાવીરૂપ શબ્દો

- પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર : પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રના પરંપરાગત સિદ્ધાંતો પર આધારિત છે કે જ્યાં લાંબેગાળે અર્થતંત્રના દરેક્ષ ક્ષેત્રે કુલ પુરવઠો અને કુલ માંગ સરખા હોય છે અને તેથી અર્થતંત્ર સમતુલામાં જ હોય છે.
- સમગ્રલક્ષી સમતુલા : અર્થતંત્રના બધા જ ક્ષેત્રોમાં કુલ પુરવઠા = કુલ માંગ થઈ રહે અને દરેક ક્ષેત્રે સંતુલિત ભાવ નિર્ધારિત થાય તેવી સ્થિતિને સમગ્રલક્ષી સમતુલા કહે છે.
- કુલ માંગ : અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ થયેલું કુલ ખર્ચ એટલે કુલ માંગ.
- કુલ પુરવઠો : ચોક્કસ સમયગાળામાં અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલી કુલ ચીજવસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ એટલે કુલ પુરવઠો.
- જે.બી.'સે'નો નિયમ : 'પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જે છે.' (Supply creats its own demand).

## 3.8 તમારી પ્રગતિ ચકાસો

### (ક) વિસ્તૃત પ્રશ્નો

1. જે.બી. સેનો બજારનો નિયમ સમજાવો.
2. સમગ્રલક્ષી સમતુલાનો અર્થ આપી તેનું મહત્ત્વ ચર્ચો.

**(ખ) ટૂંકનોંધ :**

1. કુલ માંગ અને કુલ પુરવઠો
2. સમગ્રલક્ષી સમતુલા અંગે પ્રશિષ્ટ વિચારધારા
3. જે.બી.સેના નિયમની મર્યાદાઓ

**(ગ) હેતુલક્ષી વૈકલ્પિક પ્રશ્નો**

1. 'પુરવઠો પોતાની માંગ સ્વયંમ સર્જે છે,' - આ વિધાન........ ના નિયમ તરીકે ઓળખાય છે.

   (અ) માર્શલ (બ) જે.બી.સે

   (ક) પીગું (ડ) કેઈન્સ

2. 'સે'ના મતે .......... એ તાર્કિક અશક્યતાઓ છે.

   (અ) અતિઉત્પાદન (બ) બેકારી

   (ક) ઉરપના બંને (ડ) રોજગારી

3. નીચેનામાંથી કઈ 'સે'ના નિયમની ધારણા છે ?

   (અ) મુક્ત અર્થતંત્ર (બ) નાણું વિનિમયનું માધ્યમ

   (ક) લાંબાગાળાની સમજૂતી (ડ) ઉપરના બધાજ

4. બજારના પ્રશિષ્ટ સિદ્ધાંત મુજબ .......... હોય છે.

   (અ) પુરવઠા = માંગ (બ) પુરવઠા કરતા માંગ વધુ

   (ક) પુરવઠા કરતા માંગ ઓછી (ડ) માંગ કરતા પુરવઠો વધુ

5. 'સે'એ બજારનો નિયમ મૂળભૂત રીતે .......... અર્થતંત્રને ધ્યાનમાં રાખી આપ્યો છે.

   (અ) નાણાકીય (બ) વસ્તુ વિનિમયવાળા

   (ક) ઉપરના બંને (ડ) સમાજવાદી

6. 'સે'નો બજારનો નિયમ કયા અર્થતંત્ર માટે સાચો છે ?

   (અ) નાણાકીય (બ) વસ્તુ વિનિમયવાળા

   (ક) ઉપરના બંને (ડ) ઉપરનામાંથી એકપણ નહીં.

7. નીચેનામાંથી કઈ 'સે'ના નિયમની મર્યાદા છે ?

   (અ) માંગનો અભાવ શક્ય (બ) વેપારચક્રને સમજાવવું મુશ્કેલ

   (ક) અપૂર્ણરોજગારી એ વાસ્તવિકતા (ડ) ઉપરના બધા જ

8. અર્થતંત્રમાં ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓ/ની/નો ......... એટલે કુલ માંગ.

   (અ) માંગ (બ) પાછળનો કુલ ખર્ચ

   (ક) (અ) અને (બ) બંને (ડ) જથ્થો

9. પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર .......... ને વિશેષ મહત્ત્વ આપે છે.

   (અ) કુલ માંગ (બ) કુલ ખર્ચ

   (ક) કુલ પુરવઠો (ડ) કુલ બચતો

10. પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર સમયના .......... ગાળાને ધ્યાનમાં લઈ સમજૂતી આપે છે.

(અ) ટૂંકા (બ) લાંબા

(ક) મધ્યમ (ડ) ઉપરના બધા જ

- **ઉપયોગી સંદર્ભ વાંચન**

(1) શાહ રમેશ. (2016), પારિભાષિક કોશ-અર્થશાસ્ત્ર, અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

(2) Ahuja, H.L. (2020). Macro Economics, New Delhi : S. Chand & Company Ltd.

(3) Dewett, K.K. (2006). Modern Economic Theory. New Delhi : S. Chand & Company Ltd.

(4) Jhingan, M.L. (2012). Principles of Economics. Delhi : Vrinda Publication (P) Ltd.

(5) Bankock, Graham and others. (1998). The Penguin Dictionary of Economycs. New Delhi : Penguin Books.

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1. (બ), 2. (ક), 3. (ડ), 4. (અ), 5. (બ), 6. (ક), 7. (ડ), 8. (ક), 9. (ક), 10. (બ)